**BY E-mail :**

ખૂબ જ અગત્યનું/તાત્કાલીક

FILE NO : COS/MIS/e-file/276/2025/1164/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તમામ.

**વિષય :** બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં જૂની પેન્શન યોજનાનો લાભ મેળવવા માટેની નિયમોનુસારની પાત્રતા ધરાવતાં કર્મચારીઓની દરખાસ્તો તૈયાર કરવા બાબત

**સંદર્ભ :** ૧) નાણાં વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૦૮/૧૧/૨૦૨૪
૨) નાણાં વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા.૧૬/૦૪/૨૦૨૫
૩) અત્રેની કચેરીનો પત્રાંક : COS/0309/06/2025, તા.૨૦/૦૬/૨૦૨૫
૪) શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં પત્રાંક : ED/0153/06/2025, તા.૦૬/૦૬/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીનાં નાણાં વિભાગ, ગાંધીનગરનાં સંદર્ભ-(૧) દર્શિત ઠરાવથી અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે ઠરાવેલ છે. ત્યારબાદ નાણાં વિભાગ દ્વારા સંદર્ભ-(૨) દર્શિત ઠરાવથી અધિકારી/કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની વિગતવાર સૂચનાઓ બહાર પાડેલ છે. જે ઠરાવની જોગવાઈ મુજબ વહીવટી વિભાગ/ખાતાના વડાએ અધિકારી/કર્મચારીની પાત્રતા અંગે પુરતી ચકાસણી કરી જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેનાં વિગતવાર હુકમો કરવાના રહેશે તેમ ઠરાવેલ છે. અત્રેની કચેરી દ્વારા સંદર્ભ-(૩) દર્શિત પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓને તેમના તાબા હેઠળની તમામ બિન સરકારી અનુદાનિત શાળાઓનાં કર્મચારીઓના વિકલ્પ અંગેની કાર્યવાહી સમયમર્યાદામાં કરવા બાબતે જરૂરી સૂચના પણ આપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા સંદર્ભ-(૪) દર્શિત પત્રથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે ખાતાના વડા કક્ષાએ જિલ્લાનુસાર કેમ્પનું આયોજન કરી જૂની પેન્શન યોજનામાં સમાવવા અંગેના હુકમો કરવા અત્રેની કચેરીને જણાવેલ છે. જે મુજબ જૂની પેન્શન યોજના માટેની નિયમોનુસારની પાત્રતા ધરાવતાં હોય અને નિયત સમયમર્યાદામાં વિકલ્પ (ફોર્મ-A) રજુ કરેલ હોય તેવાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કર્મચારીઓની પાત્રતાની ચકાસણી કરી જુની પેન્શન યોજનામાં સમાવવા અંગેના વિગતવાર હુકમો કરવાની કામગીરી હેતુ અત્રેની કચેરી દ્વારા આગામી સમયમાં જિલ્લાનુસાર કેમ્પનું આયોજન થનાર છે.

જેથી કેમ્પ દરમિયાન રજુ કરવાની થતી દરખાસ્તો તૈયાર કરવા અંગેની જરૂરી સૂચનાઓ, કર્મચારીવાઈઝ દરખાસ્ત તૈયાર કરવા માટેના ચેકલીસ્ટના નમુના, સમગ્ર જિલ્લાની સંકલિત યાદીનો નમુનો તથા સમરીપત્રકનો નમુનો આ સાથે બિડાણમાં સામેલ છે. જે ધ્યાને લઈ આપની કક્ષાએથી નિયમોનુસાર પાત્રતાં ધરાવતાં કર્મચારીઓની તમામ વિગતોની આપની કક્ષાએથી સંપૂર્ણ ચકાસણી કરી દરખાસ્તો તૈયાર રાખવા આથી આપને જણાવવામાં આવે છે તથા અત્રેથી સૂચના મળ્યેથી સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્તો જરૂરી સાધનિક આધારોસહ રજુ કરવાની રહેશે. જે ધ્યાને લેશો.

નોંધ પર માન.નિયામકશ્રીના આદેશાનુસાર

**બિડાણ :** ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.06.30 17:44:49 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

## કમિશનર શાળાઓની કચેરી, (માધ્યમિક શાખા), ગુ.રા.ગાંધીનગર

## બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા. શાળાઓનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે રૂબરૂ કેમ્પમાં રજૂ કરવાની થતી દરખાસ્તો તૈયાર કરવા અંગેની સૂચનાઓ

1) સમગ્ર જિલ્લામાં સરકારશ્રીના નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ મુજબ નિયમોનુસારની પાત્રતા ધરાવતાં તમામ કર્મચારીઓની એક સંકલિત યાદી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તૈયાર કરવાની રહેશે. આ સંકલિત યાદીની હાર્ડ કોપીમાં તમામ પેજ પર જિલ્લા શિક્ષણાધિકારીની સહી તથા સિક્કા સાથે તથા યાદીઓની સોફ્ટ કોપી (એક્સેલ શીટ ફોરમેટમાં) રૂબરૂ કેમ્પમાં રજૂ કરવાની રહેશે. (**પરિશિષ્ટ -૧** મુજબ યાદી તૈયાર કરવી.)

2) યાદી તૈયાર કરતી વખતે એક જ કર્મચારીના નામનું યાદીમાં પુનરાવર્તન (ડુપ્લીકેશન) ન થાય તે અંગેની ખાસ તકેદારી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કરવાની રહેશે.

3) યાદી (એક્સેલ શીટ)માં સંબંધિત કર્મચારીનો જે ક્રમ હોય તે ક્રમનો સ્પષ્ટ ઉલ્લેખ કર્મચારીવાઈઝ તૈયાર કરેલ ચેકલિસ્ટમાં કરવાનો રહેશે.

4) યાદી તૈયાર થયા બાદ લાગુ પડતા કિસ્સાઓ મુજબના કેસોનું નિયત સમરીપત્રક તૈયાર કરવાનું રહેશે. (**પરિશિષ્ટ – ૨** મુજબ સમરીપત્રક)

5) દરેક જિલ્લા દ્વારા યાદી પૈકીના કેમ્પમાં રજુ થયેલ કેસો, જિલ્લા કક્ષાએથી વાંધામાં પરત કરેલ હોય તેવા કેસો તથા કુલ કેસોનું સમરીપત્રક તૈયાર કરવાનું રહેશે. (**પરિશિષ્ટ – ૩** મુજબ)

6) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ નીચે મુજબ લાગુ પડતા અલગ અલગ કિસ્સાઓમાં તેની સામે દર્શાવ્યા મુજબની વિગતે કર્મચારીવાઈઝ અલગ અલગ ચેકલિસ્ટ તૈયાર કરવાનું રહેશે તથા વિગતોના સમર્થનમાં નીચે મુજબની સૂચનાઓ મુજબના આધારોની સ્વચ્છ અને પ્રમાણિત નકલ તથા પેજ નંબર આપવાના રહેશે.

| **ક્રમ** | **લાગુ પડતી જોગવાઈ** | **લાગુ પડતું ચેકલિસ્ટ** |
|---|---|---|
| ૧ | જોગવાઈ ૧(અ) અથવા ૧(બ) | ચેકલિસ્ટ-૧ |
| ૨ | જોગવાઈ ૧(ક)(૧) | ચેકલિસ્ટ-૨ |
| ૩ | જોગવાઈ ૧(ક)(૨) | ચેકલિસ્ટ-૩ |

7) કર્મચારીનું પૂરૂ નામ અને હોદ્દો સેવાપોથી મુજબ દર્શાવવાનું રહેશે તથા તેના સમર્થનમાં કર્મચારીના નામ અને હોદ્દાની વિગત દર્શાવતાં સેવાપોથીના પાનાની પ્રમાણિત નકલ રજૂ કરવી.

8) જૂની પેન્શન યોજનામાં જોડાવવા માટેની કર્મચારીની અરજી, નાણા વિભાગનાં તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવથી નિયત થયેલ ફોર્મ-A મુજબ વિકલ્પ તથા વિકલ્પની સેવાપોથીમાં કરેલ નોંધની પ્રમાણિત નકલ રજૂ કરવી.

9) ચાલુ નોકરીના કિસ્સામાં કર્મચારીએ હાલની શાળા, નિવૃત થયેલ હોય તો જે શાળામાંથી નિવૃત થયેલ હોય તે શાળા, અવસાનના કિસ્સામાં કર્મચારીના કાયદેસરના વારસદારો દ્વારા અવસાન પામનાર કર્મચારી જે શાળામાં ફરજ બજાવતાં હતાં તે શાળા તથા જે કર્મચારી પ્રથમ નિમણૂંકની સેવા પરથી ફરજ મુક્ત/ટેકનિકલ કારણોથી રાજીનામુ આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તો કર્મચારી હાલ જે શાળામાં ફરજ બજાવતાં હોય તે શાળા મારફત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને કેસ રજૂ કરવાનો રહેશે.

10) કર્મચારીને ફાળવવામાં આવેલ એમ્પલોયમેન્ટ નંબરના પત્રની પ્રમાણિત નકલ રજૂ કરવી.

11) કર્મચારીના જન્મ તારીખની વિગત દર્શાવતાં સેવાપોથીના પેજની પ્રમાણિત નકલ રજૂ કરવી.

12) હાલની શાળાનું નામ અને સરનામાની વિગત દર્શાવતાં સેવાપોથીના પાનાની પ્રમાણિત નકલ રજૂ કરવી.

13) મૂળ/પ્રથમ શાળાનું નામ અને સરનામાની વિગત દર્શાવતાં સેવાપોથીના પાનાની પ્રમાણિત નકલ રજૂ કરવી.

Signature Not Verified
Signed by: Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.06.30 17:44:49 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

14) જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આપવામાં આવેલ એન.ઓ.સી.ની પ્રમાણિત નકલ રજૂ કરવી. તથા જો એક કરતાં વધુ જગ્યાની એન.ઓ.સી. હોય તો જે તે કર્મચારીને લાગુ પડતી જગ્યાને એન.ઓ.સી. માં સ્પષ્ટ રીતે માર્ક કરવાની રહેશે.

15) કર્મચારીની ભરતી જાહેરાતના વર્તમાનપત્રની પ્રમાણિત નકલ રજુ કરવી. તથા વર્તમાનપત્રની નકલ ઉપર જાહેરાત તારીખનો ખાસ ઉલ્લેખ કરવાનો રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા જાહેરાત તારીખની સાતત્યતાની પોતાની કક્ષાએથી પુરતી ચકાસણી કર્યા બાદ વર્તમાનપત્રની નકલમાં જાહેરાત તારીખને પ્રમાણિત કરવી.

16) પસંદગી સમિતી દ્વારા ઇન્ટરવ્યુ બાદ કરેલ રોજકામની પ્રમાણિત નકલ રજુ કરવી.

17) ભરતી પ્રક્રિયા તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં પૂર્ણ થયેલ હોય પરંતુ કર્મચારીની નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ બાદ થયેલ હોય તેવા કિસ્સામાં વહીવટી કારણોને લીધે નિમણૂંકમાં વિલંબ થયેલ હોય તો વહીવટી કારણોની વિગત અને જો કોર્ટ કેસ પડતર હોવાના કારણે નિમણૂંકમાં વિલંબ થયેલ હોય તો કોર્ટકેસ નંબર, કોર્ટકેસની ટૂંકી વિગત, કેસનો આખરી ચુકાદો આવેલ હોય તો તેની ટૂંકી વિગત, ચુકાદાની નકલ તથા ચુકાદા બાબતે વિભાગનું સમર્થન મેળવેલ હોય તો તેના આધાર પુરાવા રજૂ કરવા.

18) કર્મચારીની કામચલાઉ બહાલી અંગેના હુકમની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

19) કર્મચારીની નિમણૂંક તારીખના સમર્થનમાં હાજર થયા અંગેની સેવાપોથીમાં કરેલ નોંધની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

20) કર્મચારીની કાયમી બહાલીના હુકમની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

21) જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના કર્મચારીને નિયમિત નિમણૂંક/પુરા પગારમાં સમાવ્યા અંગેના હુકમની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

22) કર્મચારીને ફાળવવામાં આવેલ NPS PRAN NO.(12 Digit) તથા NPS PPAN NO.(16 Digit) ના આધારો સામેલ રાખવા.

23) પ્રથમ સેવામાંથી ફરજ મુકત થઈ/ટેકનિકલ કારણોથી રાજીનામુ આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તો તેઓની સેવાઓ નાણા વિભાગની સંમતિથી જોડવા અંગેના હુકમની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. તથા જો નાણાં વિભાગની સંમતિથી સેવા જોડાણ થયેલ ન હોય તો સૌપ્રથમ નાણા વિભાગની સંમતિથી સેવા જોડાણ કરાવવાનું રહેશે અને નાણાં વિભાગની સંમતિથી સેવા જોડાણ અંગેના વિધિસર હુકમ થયા બાદ જ જૂની પેન્શન યોજનામાં સમાવવાની દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

24) જો કર્મચારી વયનિવૃત થયેલ હોય તો તેની નિવૃતિ તારીખ, પી.પી.ઓ. ની પ્રમાણિત નકલ અને નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવથી નિયત કરેલ પત્રક – ગ (બાંહેધરી પત્રક - ૧) રજૂ કરવું.

25) જો કર્મચારીનું નિવૃતિ બાદ અવસાન થયેલ હોય તો અવસાન તારીખ, અવસાન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવથી નિયત કરેલ પત્રક – ગ (બાંહેધરી પત્રક - ૨) રજૂ કરવું.

26) જો કર્મચારીની સમગ્ર સેવાકાળ દરમિયાન કોઇપણ કારણોસર (ફાજલ કે અન્ય કોઈ કારણોસર) સેવાતુટ થયેલ હોય તો સદર સેવાતુટ જોડાણ કરાવ્યાના સક્ષમ સત્તાધિકારીના આદેશની પ્રમાણિત નકલ રજુ કરવી. અને જો સમગ્ર સેવા દરમિયાન સેવાતૂટ થયેલ ન હોય તો ચેકલિસ્ટમાં સદર કોલમમાં "**સેવાતૂટ થયેલ નથી**" તેમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે.

27) અત્રેની કચેરી કક્ષાએ કેમ્પમાં રૂબરૂ ઉપસ્થિત રહેવાનું હોય તે પહેલાં ઉપર મુજબની માહિતી તથા તેના સાધનિક આધારો એકત્ર કરવા હેતુ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પોતાની કક્ષાએ રૂબરૂ કેમ્પનું આયોજન કરે તથા કેમ્પમાં રજૂ થતી માહિતીની સંપૂર્ણપણે ચકાસણી તથા ખરાઈ કર્યા બાદ જ તમામ માહિતી જિલ્લા કક્ષાએથી અત્રેની કચેરી દ્વારા આગામી સમયમાં આયોજિત થનાર કેમ્પમાં રજૂ કરવામાં આવે તે ઇચ્છનીય છે.

28) જે કેસોમાં જિલ્લા કક્ષાએથી વાંધાઓ જણાય અથવા સાધનિક કાગળો અપૂરતા જણાય તેવા કેસોમાં જિલ્લા કક્ષાએથી જ ચકાસણી કરી જરૂરી પૂર્તતા અર્થે પરત કરવા તથા વાંધાવાળા અથવા અપૂરતા સાધનિક કાગળો સાથેના કેસો કેમ્પમાં રજૂ ન થાય તેની ખાસ કાળજી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ રાખવાની રહેશે.

29) કેમ્પ દરમિયાન જિલ્લા દ્વારા જે કેસો વાંધા પૂર્તતા અર્થે પરત કરવામાં આવેલ હોય તો **પરિશિષ્ટ -૧** મુજબની યાદીમાં સંબંધિત કર્મચારીના નામની સામે રિમાર્કસ કોલમમાં કેસ વાંધા પૂર્તતા હેઠળ છે તેમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે તથા આવા કેસોને **પરિશિષ્ટ -૧** મુજબ યાદી (એકસેલ શીટ) માં અંતમાં દર્શાવવાના રહેશે.

30) જો જિલ્લા કક્ષાએથી પુરતી ચકાસણી કર્યા વિના કોઈ કર્મચારીની વિસંગતતા/ભૂલ ભરેલ માહિતી/ ખોટી માહિતી કે ખોટા આધારો રજૂ થવાના કારણે આ બાબતે ભવિષ્યમાં કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિસંગતતા/ભૂલ ભરેલ/ ખોટી માહિતી/આધારો રજૂ કરનાર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની રહેશે.

31) જે તે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ઉક્ત કેમ્પની સમગ્ર કામગીરી હેતુ પોતાની કચેરીના પ્રતિનિધિ તરીકે સદરહું બાબતના જાણકાર હોય તેવાં વર્ગ-૨ કક્ષાના ૦૧ (એક) અધિકારી અને વર્ગ-૩ કક્ષાના ૦૨ (બે) કર્મચારીઓની નિયુક્તિ કરવાની રહેશે. સદરહું કામગીરી માટે ઉક્ત અધિકારી તથા કર્મચારીની નિયુક્તિના લેખિત આદેશ કરી તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે. આવા જિલ્લા કચેરીના નિયુક્તિ કરવામાં આવેલ વર્ગ-૨ ના અધિકારી તથા વર્ગ-૩

ના કર્મચારીઓએ તેઓના જિલ્લાના કેમ્પ દરમિયાન અત્રેની કચેરી ખાતે રૂબરૂ ઉપસ્થિત રહી જરૂરી રેકર્ડ ઉપલબ્ધ કરાવી કેમ્પ દરમિયાન જરૂરી કામગીરી કરવાની રહેશે.

32) નિયત ચેકલીસ્ટ મુજબની દરખાસ્તો તૈયાર કરતી વખતે ઉક્ત સૂચનાઓ પૈકી લાગુ પડતી તમામ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

## પરિશિષ્ટ – ૧

**નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબ જૂની પેન્શન યોજના માટેની પાત્રતા ધરાવતાં કર્મચારીઓની યાદી**

**જિ.શિ.અ. કચેરીનું નામ : ...................................**

| મૂળ ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | હાલની શાળા | મૂળ નિમણૂંક તારીખ | હાલની સેવામાં નિમણૂંક તારીખ | પ્રથમ સેવામાંથી ફરજ મુકત થઈ/ ટેકનિકલ રાજીનામું આપી અન્ય સેવામાં નિયમિત નિમણૂંક થયેલ હોય તો નાણાં વિભાગની સંમતિથી સેવા જોડાણ થયેલ છે ? (હા/ના) | NPS PRAN NO. (12 Digit) | NPS PPAN NO. (16 Digit) | તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવની કઈ જોગવાઈ મુજબ લાભ મળવાપાત્ર થાય છે ? ૧(અ)/૧(બ)/૧(ક)(૧)/ ૧(ક)(૨) | નિમણૂંક બાબતે કોઈ કોર્ટ કેસ ચાલુ/ પડતર હોય તો તેની વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) | (8) | (9) | (10) | (11) | (12) |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

**નોંધ ૧ : આંકડાકીય માહિતી અંગ્રેજીમાં ભરવી તથા બાકીની માહિતી ગુજરાતી શ્રૃતિ ફોન્ટમાં ભરવી.**

**નોંધ ૨ : તમામ તારીખોનું ફોર્મેટ DD/MM/YYYY અંગ્રેજીમાં રાખવું.**

જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો

**: યાદીના અંતમાં આપવાનું થતું પ્રમાણપત્ર :**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતનાં સરકારશ્રીનાં નાણાંવિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક : નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી મુજબ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ........................... ના કાર્યક્ષેત્ર હેઠળની તમામ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં નિયમોનુસારની પાત્રતા ધરાવતાં તમામ કર્મચારીઓની વિગત ઉક્ત પરિશિષ્ટ-૧ મુજબની યાદી માં ક્રમ નં. ૦૧ થી ............ ઉપર દર્શાવેલ છે જે મુજબ જૂની પેન્શન યોજના માટેની નિયત પાત્રતા ધરાવતાં કર્મચારીઓની કુલ સંખ્યા ............. છે. આ સિવાય નિયમોનુસારની પાત્રતાં ધરાવતાં એકપણ કર્મચારીની વિગત ઉક્ત પરિશિષ્ટ-૧ મુજબની યાદીમાં રજૂ કરવાની બાકી રહેતી નથી. જેની જાતે ખરાઈ કરેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો

## પરિશિષ્ટ – ૨

**નાણાંવિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબ જૂની પેન્શન યોજના માટેની પાત્રતા ધરાવતાં કર્મચારીઓનું સમરીપત્રક -૧**

**જિ.શિ.અ. કચેરીનું નામ : ....................................**

| ભરતી અંગેનું પરિણામ તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા જાહેર થયેલ હોય પરંતુ વહીવટી કારણોસર અથવા કોર્ટ કેસ પડતર હોવાના કારણે નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ આપવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની સંખ્યા | તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા ફિક્સ પગારમાં નોકરીમાં જોડાયા હોય અને તા.૦૧/૦૪/૨૦૦૫ પછી ફિક્સ પગારનો નિયત સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કરી નિયમિત નિમણૂક પામેલ હોય તેવા કર્મચારીઓની સંખ્યા | કર્મચારી પ્રથમ નિમણૂંકની સેવા પરથી ફરજ મુક્ત/ટેકનિકલ કારણોથી રાજીનામુ આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તો નાણાં વિભાગની સંમતીથી સેવા સળંગ ગણવાના આદેશ કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની સંખ્યા | કર્મચારી પ્રથમ નિમણૂંકની સેવા પરથી ફરજ મુક્ત/ટેકનિકલ કારણોથી રાજીનામુ આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તો નાણાં વિભાગની સંમતીથી સેવા સળંગ ગણવાના આદેશ બાકી હોય તેવા કર્મચારીઓની સંખ્યા | કુલ સંખ્યા (૧+૨+૩+૪) | કોલમ ૫ પૈકી અવસાન પામેલ કર્મચારીઓની સંખ્યા | કોલમ ૫ પૈકી નિવૃત થયેલ કર્મચારીઓની સંખ્યા | કોલમ ૫ પૈકી આગામી ૧ વર્ષ (તા.૩૧/૦૫/૨૦૨૬ સુધીમાં નિવૃત થનાર કર્મચારીઓની સંખ્યા | કુલ સંખ્યા (૬+૭+૮) |
|---|---|---|---|---|---|---|---|---|

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.06.30 17:44:49 +05:30

File No: COS/MIS/e-file/276/2025/1164/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

**નોંધ : આંકડાકીય માહિતી અંગ્રેજીમાં ભરવી.**

**જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો**

## પરિશિષ્ટ – ૩

**યાદી પૈકીના કેમ્પમાં રજુ થયેલ કેસો, વાંધામાં પરત કરેલ હોય તેવા કેસો તથા કુલ કેસોનું સમરીપત્રક- ૨**

| **જિલ્લાનું નામ :** | | |
|---|---|---|
| **કમિશનર શાળાઓની કચેરી ખાતે કેમ્પમાં રજુ થયેલ હોય તેવા કેસોની કુલ સંખ્યા** | **જિલ્લા કક્ષાએથી વાંધામાં પરત આપેલ કેસોની કુલ સંખ્યા** | **પાત્રતા ધરાવતાં કર્મચારીઓની કુલ સંખ્યા** |
| (૧) | (૨) | (૩)<br>(૧) + (૨) |
| | | |

**નોંધ : આંકડાકીય માહિતી અંગ્રેજીમાં ભરવી.**

**જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો**

## બિનસરકારી અનુદાનિત શાળાઓનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેનું કર્મચારીવાઈઝ ચેકલિસ્ટ-૧

(નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈ ૧ (અ) અથવા ૧ (બ) લાગુ પડતી હોય માત્ર તેવા કિસ્સા માટે)

**જિ.શિ.અ. કચેરી : ..................................** **પરિશિષ્ટ-૧ ની યાદી મુજબ ક્રમ નંબર : ...........**

| ક્રમ | જિલ્લાએ રજુ કરવાની થતી માહિતી | માહિતીની વિગત | પેજ નંબર |
|---|---|---|---|
| ૧ | કર્મચારીનું પુરૂ નામ અને હોદ્દો | | |
| ૨ | કર્મચારી દ્વારા નિયત સમયમર્યાદામાં જૂની પેન્શન યોજનામાં જોડાવા માટેનો વિકલ્પ રજૂ કરેલ છે કે કેમ ? (હા/ના) જો 'હા' તો વિકલ્પ રજુ કર્યા તારીખ | | |
| ૩ | કર્મચારીનો એમ્પલોયમેન્ટ નંબર | | |
| ૪ | જન્મ તારીખ | | |
| ૫ | ખરેખર (મૂળ) નિવૃતિ તારીખ | | |
| ૬ | સત્રાંત નિવૃતિ તારીખ | | |
| ૭ | શાળાનું નામ અને સરનામું | | |
| ૮ | શાળાનો વિભાગ (માધ્યમિક/ઉ.મા.) | | |
| ૯ | શાળાનો ડી.પી. કોડ નંબર | | |
| ૧૦ | એન.ઓ.સી. આપ્યા તારીખ | | |
| ૧૧ | ભરતી જાહેરાત આપ્યા તારીખ | | |
| ૧૨ | ઈન્ટરવ્યુ તારીખ | | |
| ૧૩ | પસંદગી સમિતી દ્વારા ઈન્ટરવ્યુ બાદ કરેલ રોજકામની તારીખ | | |
| ૧૪ | નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ પછી થયેલ હોય તો તેના કારણો (વહીવટી કારણ/કોર્ટકેસ/અન્ય) | | |
| ૧૫ | કામચલાઉ બહાલી આપ્યા તારીખ | | |
| ૧૬ | નિમણૂંક તારીખ | | |

| | | | |
|---|---|---|---|
| ૧૭ | કાયમી બહાલી મળ્યા તારીખ | | |
| ૧૮ | નિયમિત નિમણૂંક/પુરા પગારમાં સમાવ્યા તારીખ | | |
| ૧૯ | NPS PRAN NO.(12 Digit) | | |
| ૨૦ | NPS PPAN NO.(16 Digit) | | |
| ૨૧ | અવસાનના કિસ્સામાં અવસાન તારીખ | | |
| ૨૨ | વયનિવૃતિના કિસ્સામાં વયનિવૃતિ તારીખ | | |
| ૨૩ | સેવાકાળ દરમિયાન સેવતુટ થયેલ હોય તો સેવાતુટ જોડાણ કરાવ્યાના આદેશની નકલ | | |
| **<u>બાંહેધરી :</u>** સરકારશ્રીના નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ થી નિયત કરવામાં આવેલ જોગવાઈ મુજબ સદર કર્મચારીને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી રેકર્ડ પરથી ખરાઈ કરેલ છે જે સાચી અને બરાબર માલૂમ પડેલ છે. મજકુર કર્મચારી જુની પેન્શન યોજનામાં સમાવેશ કરવા માટેની નિયમોનુસારની પાત્રતા ધરાવે છે. જેની જાતે ખરાઈ કરેલ છે. | | | |
| ઉક્ત ચેકલિસ્ટ મુજબના ક્રમાંક : ૦૧ થી ૨૩ મુદ્દા પૈકી લાગુ પડતા મુદ્દાઓના તમામ આધાર પુરાવા સામેલ રાખેલ છે. જે પ્રમાણિત કરવામાં આવેલ છે. | | | |

**જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો**

## <u>બિન સરકારી અનુદાનિત શાળાઓનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેનું કર્મચારીવાઈઝ ચેકલિસ્ટ-૨</u>

**(નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈ ૧(ક)(૧) લાગુ પડતી હોય માત્ર તેવા કિસ્સા માટે)**

**જિ.શિ.અ. કચેરી : ................................... પરિશિષ્ટ-૧ ની યાદી મુજબ ક્રમ નંબર : ...........**

| ક્રમ | વિગત | જવાબ | પેજ નંબર |
|---|---|---|---|
| ૧ | કર્મચારીનું પુરૂ નામ અને હોદ્દો | | |
| ૨ | કર્મચારી દ્વારા નિયત સમયમર્યાદામાં જૂની પેન્શન યોજનામાં જોડાવા માટેનો વિકલ્પ રજૂ કરેલ છે કે કેમ ? (હા/ના) જો 'હા' તો વિકલ્પ રજુ કર્યા તારીખ | | |
| ૩ | કર્મચારીનો એમ્પલોયમેન્ટ નંબર | | |
| ૪ | જન્મ તારીખ | | |
| ૫ | ખરેખર (મૂળ) નિવૃતિ તારીખ | | |
| ૬ | સત્રાંત નિવૃતિ તારીખ | | |
| ૭ | શાળાનું નામ અને સરનામું | | |
| ૮ | શાળાનો વિભાગ (માધ્યમિક/ઉ.મા.) | | |
| ૯ | શાળાનો ડી.પી. કોડ નંબર | | |
| ૧૦ | એન.ઓ.સી. આપ્યા તારીખ | | |
| ૧૧ | કામચલાઉ બહાલી આપ્યા તારીખ | | |
| ૧૨ | નિમણૂંક તારીખ | | |
| ૧૩ | કાયમી બહાલી મળ્યા તારીખ | | |
| ૧૪ | નિયમિત નિમણૂંક/પુરા પગારમાં સમાવ્યા તારીખ | | |
| ૧૫ | NPS PRAN NO.(12 Digit) | | |

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.06.30 17:44:49 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| ૧૬ | NPS PPAN NO.(16 Digit) | | |
| ૧૭ | અવસાનના કિસ્સામાં અવસાન તારીખ | | |
| ૧૮ | વયનિવૃતિના કિસ્સામાં વયનિવૃતિ તારીખ | | |
| ૧૯ | સેવાકાળ દરમિયાન સેવતુટ થયેલ હોય તો સેવાતુટ જોડાણ કરાવ્યાના આદેશની નકલ | | |
| **બાંહેધરી :** સરકારશ્રીના નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ થી નિયત કરવામાં આવેલ જોગવાઈ મુજબ સદર કર્મચારીને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી રેકર્ડ પરથી ખરાઈ કરેલ છે જે સાચી અને બરાબર માલૂમ પડેલ છે. મજકુર કર્મચારી જુની પેન્શન યોજનામાં સમાવેશ કરવા માટેની નિયમોનુસારની પાત્રતા ધરાવે છે. જેની જાતે ખરાઈ કરેલ છે. | | | |
| ઉક્ત ચેકલિસ્ટ મુજબના ક્રમાંક : ૦૧ થી ૧૯ મુદ્દા પૈકી લાગુ પડતા મુદ્દાઓના તમામ આધાર પુરાવા સામેલ રાખેલ છે. જે પ્રમાણિત કરવામાં આવેલ છે. | | | |

જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો

## બિન સરકારી અનુદાનિત શાળાઓનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટેનું કર્મચારીવાઈઝ ચેકલિસ્ટ-૩

**(નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈ ૧(ક)(૨) લાગુ પડતી હોય માત્ર તેવા કિસ્સા માટે)**

**જિ.શિ.અ. કચેરી : .................................. પરિશિષ્ટ-૧ ની યાદી મુજબ ક્રમ નંબર : ...........**

| ક્રમ | વિગત | જવાબ | પેજ નંબર |
|---|---|---|---|
| ૧ | કર્મચારીનું પુરૂ નામ અને હોદ્દો | | |
| ૨ | કર્મચારી દ્વારા નિયત સમયમર્યાદામાં જૂની પેન્શન યોજનામાં જોડાવા માટેનો વિકલ્પ રજૂ કરેલ છે કે કેમ ? (હા/ના) જો 'હા' તો વિકલ્પ રજુ કર્યા તારીખ | | |
| ૩ | કર્મચારીનો એમ્પલોયમેન્ટ નંબર | | |
| ૪ | જન્મ તારીખ | | |
| ૫ | ખરેખર (મૂળ) નિવૃતિ તારીખ | | |
| ૬ | સત્રાંત નિવૃતિ તારીખ | | |
| ૭ | હાલની શાળાનું નામ અને સરનામું | | |
| ૮ | હાલની શાળાનો વિભાગ (માધ્યમિક/ઉ.મા.) | | |
| ૯ | હાલની શાળાનો ડી.પી. કોડ નંબર | | |
| ૧૦ | મૂળ/પ્રથમ શાળાનું નામ અને સરનામું | | |
| ૧૧ | પ્રથમ નિમણૂંકની એન.ઓ.સી. આપ્યા તારીખ | | |
| ૧૨ | પ્રથમ નિમણૂંકની કામચલાઉ બહાલી આપ્યા તારીખ | | |
| ૧૩ | પ્રથમ નિમણૂંક તારીખ | | |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | કાયમી બહાલી મળ્યા તારીખ | | |
| ૧૫ | નિયમિત નિમણૂંક/પુરા પગારમાં સમાવ્યા તારીખ | | |
| ૧૬ | NPS PRAN NO.(12 Digit) | | |
| ૧૭ | NPS PPAN NO.(16 Digit) | | |
| ૧૮ | પ્રથમ સેવામાંથી ફરજ મુકત થઈ /ટેકનિકલ કારણોથી રાજીનામુ આપી અન્ય સંવર્ગમાં નિયમિત નિમણૂંક પામેલ હોય તો તેઓની સેવાઓ નાણા વિભાગની સંમતિથી જોડવા અંગેના હુકમની વિગત | | |
| ૧૯ | અવસાનના કિસ્સામાં અવસાન તારીખ | | |
| ૨૦ | વયનિવૃતિના કિસ્સામાં વયનિવૃતિ તારીખ | | |
| ૨૧ | સેવાકાળ દરમિયાન સેવતુટ થયેલ હોય તો સેવાતુટ જોડાણ કરાવ્યાના આદેશની નકલ | | |
| **બાંહેધરી :** સરકારશ્રીના નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ થી નિયત કરવામાં આવેલ જોગવાઈ મુજબ સદર કર્મચારીને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી રેકર્ડ પરથી ખરાઈ કરેલ છે જે સાચી અને બરાબર માલૂમ પડેલ છે. મજકુર કર્મચારી જુની પેન્શન યોજનામાં સમાવેશ કરવા માટેની નિયમોનુસારની પાત્રતા ધરાવે છે. જેની જાતે ખરાઈ કરેલ છે. | | | |
| ઉક્ત ચેકલિસ્ટ મુજબના ક્રમાંક : ૦૧ થી ૨૧ મુદ્દા પૈકી લાગુ પડતા મુદ્દાઓના તમામ આધાર પુરાવા સામેલ રાખેલ છે. જે પ્રમાણિત કરવામાં આવેલ છે. | | | |

**જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિક્કો**

Signature Not Verified
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.06.30 17:44:49 +05:30

File No: COS/MIS/e-file/276/2025/1164/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*